ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC
BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 Email :krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

તાઃ ૫/૭/૨૦૧૪

પ્રતિ,
તંત્રીશ્રી
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શહેર તથા તાલુકાની શાળાઓમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમો

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વર્ષ દરમિયાન શહેર તથા ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના વિધાર્થીઓમાં વિજ્ઞાનનું સ્તર ઉચું આવે અને વિધાર્થીઓ વિજ્ઞાન વિષય પરત્વે વધુને વધુ રસ દાખવે તે હેતુથી વિજ્ઞાન વિષય આધારિત વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના અનુસંધાને અનુક્રમે તા.૧, ૪ તેમજ ૫ જુલાઈના રોજ ભાવનગર તાલુકામાં કરદેજ પ્રા.શાળા, તેમજ શહેરની મહાત્માં ગાંધી કન્યાશાળા નં... ૬૩, જલારામબાપા પ્રાથમિક શાળા નં... ૧૪ ખાતે તેઓના અભ્યાસ ક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગોને નિદર્શન દ્વારા વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોની સરળ તેમજ પ્રાયોગિક રજૂઆત કરીને સમજૂતિ આપી વિજ્ઞાન દર્શન કાર્યક્રમ કરવામાં આવેલ. સમાજ ખોટી અંધશ્રધ્ધા અને વહેમોથી દૂર રહે તથા ખોટા તાન્ત્રિકોનાં કહેવાતા ચમત્કારો પાછળનું વિજ્ઞાન જાણે તેમજ વિધાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણ વિકસે તે હેતુથી અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં ચમત્કારીત દીપ પ્રાગટય, નજરઉતારવી, હથેળીમાં સળગતો દીવો રાખવો, કંકુના પગલા પાડવા જેવા પ્રયોગોની પ્રાયોગિક રજૂઆત કરીને તેની પાછળના વૈજ્ઞાનિક સાતત્યને સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે સમજાવેલ.

તા.૩ જુલાઈના રોજ શ્રી નથુગઢ પ્રા. શાળા, તા. ઘોઘાના વિધાર્થીઓ અને શિક્ષક મિત્રો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની મુલાકાતે આવેલ. આ વિજ્ઞાન સફરમાં સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને સંસ્થાનો પરિચય આપીને વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોને સમજાવતા મોડેલ તેમજ ઊર્જા બચતના મોડેલની સરળ સમજૂતી આપેલ. આ ઉપરાંત વિધાર્થીઓએ સંસ્થાની લાઈબ્રેરી, ગણિતના મોડેલ અને ટેલિસ્કોપ શું છે ? તેની માહિતી મેળવેલ. આ કાર્યક્રમનો કુલ મળીને ૪૭૦ જેટલા વિધાર્થીઓ લાભ લીધેલ.

પ્રી. પ્રી. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.